| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૨૨–૦૭–૨૦૨૫ | | |
| દાખલ તારીખ | ૨૨–૦૭–૨૦૨૫ | | |
| ફેસલ તારીખ | ૨૨–૦૪–૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દીવસ |
| | ૦૦ | ૦૯ | ૦૦ |

**સ્પેશ્યલ એટ્રોસીટી કેસ નંબર:૧૫/૨૦૨૫**

**આંક :– ૪૭**

**FORM-A**

**મે.ખેડા જીલ્લાના સ્પેશ્યલ (એટ્રોસીટી ) જજ તથા ચોથા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની અદાલતમાં,**
**મુકામ : નડીઆદ.**
**(શ્રી એમ.જે.બ્રહમભટ્ટ, ચોથા એડીશ્નલ સેશન્સ જજ )**

**ચુકાદાની તારીખ: ૨૨/૦૪/૨૦૨૬**
**સ્પે. એટ્રોસીટી કેસ નં.૧૫/૨૦૨૫**
**(ગુનો : વડતાલ પો.સ્ટે.ગુના રજી.નં.૧૧૨૦૪૦૬૮૨૫૦૨૪૧/૨૦૨૫, બી.એન.એસ. ની કલમ–૧૪૦(૪),૧૧૭(૨),૧૧૫(૨),૩૫૨,૩૫૧(૩),૫૪ તથા એટ્રોસીટી એકટની કલમ – ૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–અ) મુજબ)**

| | |
|---|---|
| **ફરીયાદી** | **સરકારશ્રી**<br>**(દીપકભાઇ ચંદુભાઇ રોહીત)** |
| **ફરીયાદી તરફે** | **વિ.એ.પી.પી.શ્રી યોગીબેન કે. બારોટ** |
| **વિરૂધ્ધ** | |
| **આરોપીઓ** | **નં.(૧) અજયભાઇ ઉર્ફે જૈડ મહેશભાઇ રાજ, ઉ.વ.૩૦,**<br>રહે.કણજરી,રાજ ફળીયું, તા.નડિયાદ જિ.ખેડા<br>**(૨) ચીરાગકુમાર ઉર્ફે બાડી દીલીપભાઇ પટેલ, ઉ.વ.૩૫,**<br>રહે.કણજરી,બી/૨૧,લક્ષ્મી સોસાયટી,સ્ટેશન રોડ,<br>તા.નડિયાદ જિ.ખેડા<br>**(૩) પવનકુમાર ઉર્ફે પન્નો મનોહરલાલ શર્મા, ઉ.વ.૩૫,**<br>રહે.કણજરી,ચોપાટ ચોક,બીજો ભાગ,તા.નડિયાદ જિ.ખેડા મુળ રહે. ગામ:નગલા ગોપાલ,તોછીગઢ,અલીગઢ(ઉત્તરપ્રદેશ) |
| **આરોપીઓ તરફે** | **વિ.વ.શ્રી એસ.કે.ભાવસાર** |

# FORM-B

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૫–૦૬–૨૦૨૫ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૧૬–૦૬–૨૦૨૫ |
| ચાર્જશીટ કર્યાની તારીખ | ૨૨–૦૭–૨૦૨૫ |
| તહોમતનામું ફરમાવ્યા તારીખ | ૧૮–૧૦–૨૦૨૫ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૧૨–૦૧–૨૦૨૬ |
| તારીખ કે જેના પર ચુકાદો અનામત છે | ૦૧–૦૪–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૨–૦૪–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઇ હોય તો. | – – – |

## આરોપીની માહીતી

| આરોપીની રેન્ક | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન પર છુટવાની તારીખ | ચાર્જ ફ્રેમ કર્યા મુજબની કલમ | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | કલમ–૪૨૮, સી.આર.પી.સી. ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **અજયભાઇ ઉર્ફે જૈડ મહેશભાઇ રાજ,** ઉ.વ.૩૦, ધંધો:ખેતી, રહે.કણજરી, રાજ ફળીયું, તા.નડિયાદ જિ.ખેડા | ૧૭/૬/૨૫ | ૪/૯/૨૫ | બી.એન.એસ. ની કલમ–૧૪૦(૪), ૧૧૭(૨), ૧૧૫(૨), ૩૫૨,૩૫૧(૩),૫૪ તથા એટ્રોસીટી એકટની કલમ –૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–અ) | નિર્દોષ | ના | ––– |
| ૨. | **ચીરાગકુમાર ઉર્ફે બાડી દીલીપભાઇ પટેલ, ઉ.વ.૩૫,** | ૧૭/૬/૨૫ | ૪/૮/૨૫ | બી.એન.એસ. ની કલમ –૧૪૦(૪), ૧૧૭(૨), ૧૧૫(૨), | નિર્દોષ | ના | ––– |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | ધંધો:નોકરી, રહે.કણજરી, બી/૨૧, લક્ષ્મી સોસાયટી, સ્ટેશન રોડ, તા.નડિયાદ જિ.ખેડા | | | ૩૫૨,૩૫૧(૩),૫૪ તથા એટ્રોસીટી એકટ ની કલમ - ૩(૧)(આર)(એસ), ૩(૨)(૫-અ) | | | |
| ૩. | **પવનકુમાર ઉર્ફે પન્નો મનોહરલાલ શર્મા, ઉ.વ.૩૫,** ધંધો:નોકરી, રહે.કણજરી, ચોપાટ ચોક, બીજો ભાગ, તા.નડિયાદ જિ.ખેડા,મુળ રહે. ગામ: નગલા ગોપાલ, તોછીગઢ, અલીગઢ (ઉત્તરપ્રદેશ) | ૧૭/૬/૨૫ | ૨૨/૭/૨૫ | બી.એન.એસ. ની કલમ-૧૪૦(૪),૧૧૭(૨), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા એટ્રોસીટી એકટ ની કલમ -૩(૧)(આર)(એસ), ૩(૨)(૫-અ) | નિર્દોષ | ના | --- |

## FORM-C

### પ્રોસીકયુશન/ડીફેન્સ/ કોર્ટના સાક્ષીઓની યાદી
### <u>(એ) ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો :-</u>

| **રેન્ક** | **આંક** | **નામ** | **પુરાવાની વિગત** |
|---|---|---|---|
| PW-1 | ૨૩ | દીપકભાઇ ચંદુભાઇ રોહીતની જુબાની | ફરીયાદી |
| PW-2 | ૨૭ | રવિનાબેન દીપકભાઇ રોહીતની જુબાની | ફરીયાદીના પત્ની |
| PW-3 | ૨૮ | અલ્પેશકુમાર પોપટભાઇ રાજની જુબાની | સાહેદ |
| PW-4 | ૩૦ | ગુડ્ડુભાઇ સત્તારભાઇ સૈયદની જુબાની | સાહેદ |
| PW-5 | ૩૪ | ધવલકુમાર પરબતભાઇ કારેથાની જુબાની | નાયબ નીયામક,નાયબ નીયામક અનુસુચીત |

| | | | |
|---|---|---|---|
| | | | જાતિ કલ્યાણ,કચેરી |
| PW-6 | ૩૭ | ઉષા હીતેષભાઇ કાતરીયાની જુબાની | ગુનો રજીસ્ટર્ડ કરનાર પોલીસ સાહેદ |
| PW-7 | ૩૯ | કુણાલ કરશનભાઇ રાઠોડની જુબાની | તપાસ કરનાર અમલદાર |

**આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઇ મૌખિક પુરાવો રજુ થયેલ નથી.**

**(બી) બચાવપક્ષનો મૌખિક પુરાવો :–**

| સાહેદનું નામ તથા વિગત |
|---|
| બચાવપક્ષે કોઇ પુરાવો રજુ થયેલ નથી. |

**(સી) કોર્ટના સાક્ષીઓ, જો કોઇ હોય તો :**

| સાહેદનું નામ તથા વિગત |
|---|
| કોઇ મૌખિક પુરાવા રજુ થયેલ નથી. |

**પ્રોસીક્યુશન/બચાવપક્ષ/કોર્ટના દસ્તાવેજી પુરાવાની સુચિ**
**(એ)ફરીયાદપક્ષનો દસ્તાવેજી પુરાવો :–**

| અનુ.નં | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૨૪ | અસલ ફરીયાદ (તા.૧૬/૬/૨૦૨૫) |
| ૨ | ૨૫ | ફરીયાદીના જાતિ અંગેના પ્રમાણપત્રની ખરી નકલ (તા.૨૧/૬/૨૦૧૨) |
| ૩ | ૩૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામું (તા.૧૭/૬/૨૦૨૫) |
| ૪ | ૩૨ | આરોપીઓની શરીર સ્થિતી તથા મુદામાલનું પંચનામું (તા.૧૭/૬/૨૦૨૫) |
| ૫ | ૩૩ | ફરીયાદીનું સારવાર સર્ટીફીકેટ (તા.૧૫/૬/૨૦૨૫) |
| ૬ | ૩૫ | જાતિના રજીસ્ટરના નોંધણી પેજની ખરી નકલ |
| ૭ | ૩૮ | સ્ટેશન ડાયરીની કોમ્પ્યુટરાઇઝડ પ્રીન્ટ (તા.૧૬/૬/૨૦૨૫) |

| | | |
|---|---|---|
| ૮ | ૪૦ | જાતીના પ્રમાણપત્રની ખરાઇ કર્યા બાબતની યાદી (તા.૨૩/૬/૨૫) |
| ૯ | ૪૧ | પુરાવા બંધની પુરસીસ |

**આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઇ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.**

**(બી) બચાવપક્ષ :**

| અનુ.નંબર | આંક નંબર | વિગત |
|---|---|---|
| ૧ | નથી | -- |

**(સી) કોર્ટથી આંક :**

| અનુ.નંબર | આંક નંબર | વિગત |
|---|---|---|
| ૧ | નથી | -- |

**(ડી) મટેરીયલ ઓબ્જેકટસ :**

| અનુ.નંબર | મટેરીયલ ઓબ્જેકટ નંબર | વિગત |
|---|---|---|
| ૧ | ૦૧ | **સળીયો** |

## -: ચુકાદો :-

**(૧)** આ કામના આરોપીઓ વિરૂધ્ધ વડતાલ પોલીસ સ્ટેશન ધ્વારા ફરીયાદીની ફરીયાદ આધારે બી.એન.એસ. ની કલમ- ૧૪૦(૪), ૧૧૭(૨), ૧૧૫(૨),૩૫૨,૩૫૧(૩),૫૪ તથા એટ્રોસીટી એકટની કલમ - ૩(૧)(આર)(એસ), ૩(૨)(૫-અ) મુજબના ગુનાનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

**(૨) ફરિયાદપક્ષના કેસની હકીકત :-**

**આ કામના ગુનાની ટુંકમાં હકીકત એવી છે કે,**

તા.૧૫/૦૬/૨૦૨૫ કલાક: ૨૧/૩૦ વાગે મોજે કણજરી,

આઝાદ ચોકમાં આ કામના ફરિયાદીને આરોપી નં.૧ નાએ ઉભો રાખી ફરિયાદીને કહેલ કે, તે મને માર મારેલ છે તેવી ખોટી વાતો ગામમાં કેમ ફેલાવે છે તેમ કહી ફરિયાદીને લાફો મારી આરોપી નં.ર ને બોલાવી બન્ને આરોપીઓએ ફરિયાદીને પોતાની ગાડીમાં જબરદસ્તી બેસાડી અપહરણ કરી, પ્રથમ આરોપી નં.૧ ના ઘરે લઇ જઇ જાતિ વિશે અપશબ્દો બોલી, આરોપી નં.૧ નાએ પોતાના ઘરેથી લોખંડનો સળીયો લઇ ફરિયાદને જબરદસ્તી ગાડીમાં બેસાડી કણજરી નગરપાલિકા પાસે લઇ આવતાં આરોપી નં.૩ આવી જતા તમામ આરોપીઓએ ફરિયાદીને બિભત્સ અને ગંદી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી જાતિ વિષયક અપશબ્દો બોલી આરોપી નં.૧ તથા ૩ નાઓએ ફરિયાદીને જાહેરમાં પગે પડાવીને અપમાનિત કરી આરોપી નં.૧ નાએ ફરિયાદીને લોખંડના સળીયાથી જમણા પગે તેમજ જમણા હાથના ભાગે મારી, જમણા હાથના અંગુઠાએ ફેક્ચર કરી, ઇજાઓ પહોંચાડી ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ છે. જેથી ફરીયાદીએ આરોપીઓ વિરૂધ્ધ કાયદેસર તપાસ થવા તે મતલબની ફરીયાદ તારીખ :૧૬/૬/૨૦૨૫ ના રોજ વડતાલ પો.સ્ટેશનના પોલીસ સબ ઇન્સ્પેકટર, રૂબરૂ આપતા ફરીયાદ આધારે વડતાલ પો.સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૦૪૦૬૮૨૫૦૨૪૧/૨૦૨૫, બી.એન.એસ. ની કલમ–૧૪૦(૪),૧૧૭(૨),૧૧૫(૨),૩૫૨,૩૫૧(૩),૫૪તથા એટ્રોસીટી એકટની કલમ – ૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–અ) મુજબ ગુનો નોંધાયેલ.

(૩) <u>ચાર્જશીટ :–</u>

આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત ગુના અંગેની ફરીયાદ દાખલ થતા, તપાસ કરનાર અધિકારી ધ્વારા ગુનાની જરૂરી અને યોગ્ય તપાસ કરી ઉપરોકત જણાવ્યા મુજબના ગુના અંગેનો પુરાવો મળી આવતા, આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત ગુના અંગે અત્રેની

અદાલતમાં તપાસ કરનાર અમલદાર ધ્વારા ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ થયેલ. ત્યારબાદ આરોપીઓને અત્રેની કોર્ટ ધ્વારા ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૨૦૭ અન્વયે ફરીયાદપક્ષના પોલીસ પેપર્સની નકલો આરોપીઓને વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે આરોપીઓ સામે <u>આંક:૧૬</u> થી તા.૧૮/૧૦/૨૦૨૫ ના રોજ તહોમતનામું ફરમાવવામાં આવેલું છે. જે આરોપીઓને વાંચી સંભળાવવામાં આવતા આરોપીઓએ તેમની સામેના ઉપરોકત તહોમતનામા મુજબનો ગુનો કબુલ હોવાનો ઈન્કાર કરતા તે મતલબનું <u>આંક:૧૭ થી આંક:૧૯ સુધી</u> આરોપીઓનું નિવેદન નોંધતા, આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા, ફરીયાદપક્ષને તેનો પુરાવો રજુ કરવા જણાવવામાં આવેલ.

(૪) ફરીયાદપક્ષ તરફે આરોપીઓ સામેનો આરોપ નિ:શંકપણે પુરવાર કરવા માટે ઉપરોકત ''ફોર્મ-સી'' માં દર્શાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રેકર્ડ ઉપર રજુ કરેલ છે.

(૫) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતા આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ મુજબ વધારાનું નિવેદન લેવામાં આવેલ છે અને તેમાં તેઓએ ફરીયાદપક્ષના કેસની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે તેમજ બચાવમાં સાક્ષી તપાસવાનો તથા સોગંદ પર જુબાની આપવાનો ઈન્કાર કરેલ છે તેમજ વિશેષમાં જણાવેલ છે કે, ''અમો નિર્દોષ છીએ, માત્ર બોલાચાલી થયેલી, તેથી વિશેષ કોઇ બનાવ બનેલ નથી.''

(૬) **<u>દલીલો</u> :-**

ત્યારબાદ બંને પક્ષોની દલીલો સાંભળી. જેમાં સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી નાઓએ તેમની મૌખિક દલીલમાં જણાવેલ છે કે, રજુ થયેલ તમામ દસ્તાવેજી તથા મૌખિક પુરાવા આધારે તા.૧૫/૦૬/૨૦૨૫ કલાક: ૨૧/૩૦ વાગે મોજે:કણજરી, આઝાદ

ચોકમાં આ કામના ફરિયાદીને આરોપી નં.૧ નાએ ઉભો રાખી ફરિયાદીને કહેલ કે, તે મને માર મારેલ છે તેવી ખોટી વાતો ગામમાં કેમ ફેલાવે છે તેમ કહી ફરિયાદીને લાફો મારી આરોપી નં.૨ ને બોલાવી બન્ને આરોપીઓએ ફરિયાદીને પોતાની ગાડીમાં જબરદસ્તી બેસાડી અપહરણ કરી, પ્રથમ આરોપી નં.૧ ના ઘરે લઇ જઇ જાતિ વિશે અપશબ્દો બોલી, આરોપી નં.૧ નાએ પોતાના ઘરેથી લોખંડનો સળીયો લઇ ફરિયાદને જબરદસ્તી ગાડીમાં બેસાડી કણજરી નગરપાલિકા પાસે લઇ આવતાં આરોપી નં.૩ આવી જતા તમામ આરોપીઓએ ફરિયાદીને બિભત્સ અને ગંદી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી જાતિ વિષયક અપશબ્દો બોલી આરોપી નં.૧ તથા ૩ નાઓએ ફરિયાદીને જાહેરમાં પગે પડાવીને અપમાનિત કરી આરોપી નં.૧ નાએ ફરિયાદીને લોખંડના સળીયાથી જમણા પગે તેમજ જમણા હાથના ભાગે મારી, જમણા હાથના અંગુઠાએ ફ્રેક્ચર કરી, ઇજાઓ પહોંચાડી ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ, તે વિગત <u>ફરીયાદપક્ષ નિ:શંકપણે</u> પુરવાર કરેલ હોય આરોપીઓને કાયદામાં ઠરાવ્યા મુજબની સજા કરવા વિનંતી કરેલ છે.

(૭) આ સામે આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રીએ તેમની મૌખિક દલીલમાં જણાવેલ છે કે, સદર કામે **આંક:૨૩ થી તપાસાયેલ ફરીયાદી દીપકભાઇ ચંદુભાઇ રોહીત તથા આંક:૨૭ થી તપાસાયેલ ફરીયાદીના પત્ની : રવિનાબેન દીપકભાઇ રોહીત** નાઓએ ખુદ તેમની સરતપાસમાં **આંક:૨૪** થી રજુ ફરીયાદની હકીકતને લેશમાત્ર સમર્થન કરી ગયેલ નથી તેમજ બનાવ સમયે તેઓને ધકકામુકકીમાં પડી જવાથી હાથના અંગુંઠામાં ફ્રેકચર થયેલાનું અને બનાવ સમયે ટોળામાં કોણ જાતિ વિષયક શબ્દો બોલેલ તે ખબર નથી તેમજ ટોળમાંથી કોઇએ ધમકી આપેલ હોય કે પગે પડાવીને માફી મંગાવી હોય તેવું બનેલ નહી. આમ,ફરીયાદી દીપકકુમાર તથા તેમના પત્ની

ફરીયાદની હકીકતને સમર્થન કરી ગયેલ ન હોય તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલ છે. ફરીયાદી તેમની આંક:૨૩ થી રજુ પુરાવાની ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરી ગયા છે કે, બનાવ સમયે ઘણા લોકો ભેગા થયેલ હોય ત્યાં અજાણ્યા માણસો વચ્ચે બોલાચાલી થતી હોય અને ધકકામુકકી થયેલ, જેમાં તેમને પડી જવાથી ઈજા થયેલ અને આરોપી અજયે તેમને કોઈ હથીયાર વડે મારી ઈજા કરેલ હોય તેવું બનેલ ન હોવાનું જણાવે છે. જયારે, સાહેદ : અલ્પેશકુમાર પોપટભાઈ રાજ,ગુડુભાઈ સત્તારભાઈ સૈયદ તેમના આંક:૨૯,૩૦ થી રજુ કોર્ટ રૂબરૂના પુરાવામાં ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન કરી ગયેલ નથી. આંક:૩૧ થી રજુ ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા આંક:૩૨ થી રજુ આરોપીઓની શરીર સ્થીતીનું તથા મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું તથા આંક:૩૩ થી રજુ ફરીયાદીનું ઈંજરી સર્ટીફીકેટ આરોપીએ કબુલ રાખેલ હોય તેને પુરાવામાં વંચાણે લેવામાં આવેલ છે. તેમજ તપાસ કરનાર અમલદાર કુણાલ કરશનભાઈ રાઠોડ તેમના આંક:૩૯ થી રજુ પુરાવામાં પોતે કરેલ તપાસનો ચિતાર વર્ણવી ગયા છે. તેમજ સદર કામે રેકર્ડે રજુ તમામ પુરાવા ધ્યાને લેતા, પણ આરોપીઓ સામે આક્ષેપાયેલ ગુના મુજબનો લેશમાત્ર પુરાવો રેકર્ડે આવેલ નથી. આમ, સદર કામે રેકર્ડે રજુ થયેલ તમામ પુરાવાથી ફરીયાદની હકીકત નિ:શંકપણે પુરવાર થયેલ નથી. જેથી ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકયા ન હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ.

## (૮) <u>નિર્ણય માટેના મુદ્દાઓ</u> :-

રેકર્ડ ઉપરની વિષય વસ્તુ, કાયદાની સંબંધીત જોગવાઈઓ તેમજ બંને પક્ષકારોના વિ.વકીલશ્રીઓની ઉપરોકત રજુઆતોના આધારે આ અદાલત ધ્વારા નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલ છે. :-

## મુ દા ઓ :-

| | |
|---|---|
| **નં.(૧)** | શું ફરીયાદપક્ષ એ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૧૫/૦૬/૨૦૨૫ કલાક: ૨૧/૩૦ વાગે મોજે કણજરી, આઝાદ ચોકમાં આ કામના ફરિયાદીને આરોપી નં.૧ નાએ ઉભો રાખી ફરિયાદીને કહેલ કે, તે મને માર મારેલ છે તેવી ખોટી વાતો ગામમાં કેમ ફેલાવે છે તેમ કહી ફરિયાદીને લાફો મારી આરોપી નં.૨ ને બોલાવી બન્ને આરોપીઓએ ફરિયાદીને પોતાની ગાડીમાં જબરદસ્તી બેસાડી અપહરણ કરી, આરોપી નં.૧ નાએ પોતાના ઘરેથી લોખંડનો સળીયો લઇ ફરિયાદીને જબરદસ્તી ગાડીમાં બેસાડી કણજરી નગરપાલિકા પાસે લઈ આવતાં આરોપી નં.૩ આવી જતા તમામ આરોપીઓએ ફરિયાદીને બિભત્સ અને ગંદી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી, આરોપી નં.૧ નાએ ફરિયાદીને લોખંડના સળીયાથી જમણા પગે તેમજ જમણા હાથના ભાગે મારી, જમણા હાથના અંગુઠાએ ફ્રેક્ચર કરી, ઈજાઓ પહોંચાડી ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી આરોપીઓએ ૧૪૦(૪),૧૧૭(૨), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩),૫૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ? |
| **નં.(૨)** | શું ફરીયાદપક્ષ એ નિ:શંકપણે પુરવાર કરે છે કે,ઉપરોકત તારીખે,સમયે અને સ્થળે આરોપી એવું જાણતા તથા માનતા હતા કે, ફરીયાદી એ અનુસુચીત જાતિ/ અનુસુચીત જન.જાતિ હિન્દુ-રોહીત જ્ઞાતિના સભ્ય છે તેમછતાં, આરોપીએ ગાળો બોલી ફરીયાદીને જાતિવાચક અપમાનજનક શબ્દો બોલી તેમજ આરોપી નં.૧ તથા ૩ નાઓએ ફરિયાદીને જાહેરમાં પગે પડાવીને અપમાનિત કરી જાતિ વિશે અપશબ્દો બોલી જાહેરમાં અપમાનીત કરી તથા જાતિવિષયક લાગણી દુભાય તે રીતે જાહેરમાં અપમાનજનક વર્તન કરી માનભંગ કરી અનુસુચીત જાતિ/અનુસુચીત જનજાતિ (અત્યાચાર નિવારણ) ધારાની કલમ -૩(૧)(આર)(એસ), ૩(૨)(૫-અ) મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ? |
| **નં.(૩)** | શું હુકમ ? |

(૯) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે જણાવેલ કારણોસહીત નીચે મુજબ છે. :-

| | |
|---|---|
| નં.(૧) | **'નકારમાં'** |
| નં.(૨) | **'નકારમાં'** |
| નં.(૩) | **આખરી હુકમ મુજબ** |

## -:: <u>કારણો</u> ::-

**<u>ફરીયાદપક્ષના પુરાવાનું મુલ્યાંકન:-</u>**

**<u>મુદ્દા નં.૧ ની ચર્ચા :-</u>**

(૧૦) ઉપરોકત મુદ્દાઓની ચર્ચા કરતા પહેલા આરોપીઓ વિરૂધ્ધનું તહોમત પુરવાર કરવા સારૂ ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલા રેકર્ડ પરના પુરાવા વંચાણે લેતા, સદર કામે **ફરીયાદી: દીપકભાઇ ચંદુભાઇ રોહીત (પી.ડબલ્યુ.નં.૧)** ને **આંક:૨૩** થી તથા **ફરીયાદીના પત્ની : રવિનાબેન દીપકભાઇ રોહીત (પી.ડબલ્યુ.નં.૨)** ને સોગંદ તપાસેલ છે. તેઓ બંને ફરીયાદપક્ષના મહત્વના સાહેદ છે.આ કામના ફરીયાદી : દીપકભાઇ ચંદુભાઇ રોહીત તેમની કોર્ટ રૂબરૂની **સરતપાસમાં** જણાવે છે કે, તેઓ બનાવ સમયે દૂધ લઇને ઘરે પરત જતા હતા તે સમયે આરોપી અજયભાઇ તેમની ગાડી લઇને આવેલા અને તેમને સ્વીફ્ટ ગાડીમાં બેસાડી નગરપાલીકા પાસે ઉતારેલ ત્યાં બીજા ઇસમ પન્નાલાલ અને ચીરાગ પટેલ નાઓ હાજર હતા તે સમયે અજય અને ફરીયાદી વચ્ચે સામાન્ય બોલચાલી થયેલ જેમાં માણસો ભેગા થઇ જતા ધકકામુકકી થયેલ અને **ધકકામુકકીમાં પડી જવાથી ફરીયાદીને બોથડ પદાર્થ વાગવાથી હાથના અંગુંઠામાં ફ્રેકચર થયેલ** અને બનાવ સમયે <u>ટોળામાં કોણ જાતિ વિષયક શબ્દો બોલેલ તે તેઓને ખબર નથી, ટોળામાંથી કોઇ બોલેલુ, તેઓ ચોક્કસ કહી શકુ નહી કે કોણ બોલેલું. તેઓને કોઇએ ધમકી આપેલ હોય કે પગે પડાવીને માંફી મંગાવી હોય તેવું બનેલ નહી.</u> તેમને બનાવમાં ઇજા થયેલ હોય તેમના પત્નિ તેમને ૧૦૮ મારફતે સીવીલ હોસ્પીટલ ખાતે સારવાર માટે લઇ ગયેલા. તેઓએ બનાવ સબંધે ડોક્ટરને જણાવેલું. બનાવ સબંધે તેઓએ ફરીયાદ આપેલી. સદર ફરીયાદીને મુદ્દામાલ આર્ટીકલ વાળો સળીયો બતાવવામાં આવતા, તે જોઈને કહે છે કે સળીયાથી માર મારવામાં આવેલ હતો તે અજયભાઇના

હાથમાં હોવાનું જણાવી,આરોપીઓ આજરોજ નામ. કોર્ટમાં હાજર હોય ઓળખી બતાવે છે. વધુમાં સદર ફરીયાદી **આંક:૨૪** થી રજુ અસલ ફરીયાદમાં પોતાની સહી હોવાનું ઓળખી બતાવે છે તેમજ **આંક:૨૫ થી જાતિના દાખલાની** નકલ રજુ કરી તેઓએ ફરીયાદ આપતા સમયે પોલીસને આ જાતિનો દાખલો આપેલ હતો પોલીસે તેમની વધુ પુછપરછ બીજા દિવસે કરેલી, તેમાં પણ તેઓએ પોલીસને બનાવ અંગેની માહીતી આપેલી, જેમાં તેઓએ પોલીસને જણાવેલ કે ટોળામાં "આ ભંગી લોકોની હિંમત બહુ વધી ગઈ છે" તેમ કહી ગાળો બોલતા હોય અને અજયભાઈ ગાળો બોલી લોખંડની ટોમી લઈ મારી પાછળ પડેલા." મને આ લોખંડની ટોમી વાગેલ નહી પરંતુ ઝપાઝપીમાં નીચે પડી જવાથી વાગેલુ. આમ, સદર મહત્વના ઈજા પામનાર ફરીયાદી તેમની સરતપાસમાં જ ફરીયાદપક્ષના કેસની હકીકતને અંશત: સમર્થન કરી ગયેલ હોય તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલ જાહેર કરેલ છે.

**(૧૦.૧)** ત્યારબાદ ફરીયાદપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ ફરીયાદી ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ નથી. જયારે, આરોપીઓ તરફેની **ઉલટ તપાસમાં** ફરીયાદી એ હકીકત કબુલ કરે છે કે તા.૧૫.૦૬.૨૦૨૫ ના રોજ તેઓ ડેરીથી પોલીસ ચોકી આવતા હતા ત્યાં ઘણા લોકો ઉભેલા હતા. એ વાત ખરી છે કે, ત્યાં ઘણા લોકો ભેગા થયેલ હોય ત્યાં અજાણ્યા માણસો વચ્ચે બોલાચાલી થતી હોય અને ધક્કામુક્કી થયેલ, જેમાં તેમને પડી જવાથી ઈજા થયેલી. એ વાત ખરી છે કે, આરોપી અજયનાએ તેમને કોઈ હથીયાર વડે માર્યુ હોય કે કોઈ ઈજા કરેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે,તેઓ ફરીયાદ કરવા ગયા ત્યારે તેમની સાથે ફળીયાના માણસો સાથે આવેલા અને તેઓએ ફરીયાદ લખાવેલી જેમાં તેઓએ માત્ર સહી કરેલી. એ વાત ખરી છે કે પોલીસે તેમનું ફરીયાદ સીવાય બીજુ કોઈ નિવેદન લીધેલ નહી.એ વાત ખરી છે કે તેઓ સરતપાસમાં જણાવે છે, તેવો કોઈ બનાવ બનેલ નથી.

(૧૧) જયારે, **ફરીયાદીના પત્ની રવિનાબેન દીપકભાઇ રોહીત(પી.ડબલ્યુ.નં.૨)** તેમના **આંક:૨૭** થી રજુ કોર્ટ રૂબરૂની સરતપાસમાં સ્પષ્ટ જણાવે છે કે, બનાવમાં તેના પતિ સાથે શું બનેલ તે તેણીને ખ્યાલ નથી, બનાવ સમયે તેણી ઘરે હતી, તેમને શું વાગેલુ તે તેણીને ખબર નથી. આ બનાવમાં કોઇ કોઇને જાતીવિષયક અપશબ્દો કે ગાળો બોલેલ હોય તેવુ બનેલ નથી. તેના પતિને ૧૦૮ બોલાવીને સીવીલ હોસ્પીટલ નડીઆદ ખાતે લઇ ગયેલા. બનાવ બાબતે પોલીસે તેમનું નામ અને સરનામુ પુછેલું. બનાવમાં તેમના પતિ સાથે શુ બનેલુ તે તેમને ખ્યાલ નથી, તે સમયે આરોપીઓને ઓળખતી ન હોવાનું જણાવે છે. આમ, સદર મહત્વના કહી શકાય તેવા ફરીયાદીના પત્ની ખુદ તેમની સરતપાસમાં જ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન કરી ગયેલ ન હોય, તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલ જાહેર કરેલ છે.

ત્યારબાદ ફરીયાદપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ સદર સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ નથી. જયારે,આરોપીઓ તરફે સદર સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૧૨) આમ, સદર કામે બનાવમાં ઈજા પામનાર મહત્વના કહી શકાય તેવા ફરીયાદીના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, **ફરીયાદી દીપકભાઇ ચંદુભાઇ રોહીત** ખુદ તેમની **આંક:૨૩** થી રજુ કોર્ટ રૂબરૂની સરતપાસમાં જ બનાવ સમયે ઘણા માણસો ભેગા થઇ જતા ધકકામુકકી થયેલ અને ધકકામુકકીમાં પડી જવાથી ફરીયાદીને બોથડ પદાર્થ વાગવાથી હાથના અંગુંઠામાં ફ્રેકચર થયેલ અને બનાવ સમયે ટોળામાં કોણ જાતિ વિષયક શબ્દો બોલેલ તે તેઓને ખબર નથી, ટોળામાંથી કોઇ બોલેલુ, તેઓ ચોક્કસ કહી શકુ નહી કે કોણ બોલેલું. તેઓને કોઇએ ધમકી આપેલ હોય કે પગે પડાવીને માંફી મંગાવી હોય તેવું બનેલ નહી. આમ,સદર ફરીયાદીને

ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલ છે તેમજ આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં પણ ફરીયાદી એ હકીકત કબુલ કરી ગયા છે કે, બનાવ સમયે ટોળું ભેગું થયેલ અને બોલાચાલી અને ધક્કામુક્કી થયેલ, જેમાં તેમને પડી જવાથી ઈજા થયેલી તથા આરોપી અજયનાએ તેમને કોઇ હથીયાર વડે માર્યુ હોય કે કોઇ ઈજા કરેલ હોય તેવું બનેલ ન હોવાનું તથા તેઓ ફરીયાદ કરવા ગયા ત્યારે તેમની સાથે ફળીયાના માણસો સાથે આવેલા અને ફળીયાના માણસોએ ફરીયાદ લખાવેલી જેમાં તેઓએ માત્ર સહી કરેલી. આમ,સદર ફરીયાદીના પુરાવાથી **આંક:૨૪** થી રજુ ફરીયાદ ફરીયાદી સાથે આવેલ ફળીયાના માણસોએ લખાવેલાનું તેમજ ફરીયાદીને ધકકામુકકીમાં પડી જવાથી ઈજાઓ થયેલાનું તથા આરોપીએ કોઇ હથીયાર વડે ફરીયાદીને ઈજા કરેલ ન હોવાનું સ્પષ્ટપણે કબુલ કરી ગયા છે. જયારે, **ફરીયાદીના પત્ની રવિનાબેનના આંક:૨૭** થી રજુ પુરાવાનું મુલ્યાંકન કરતા, બનાવ સમયે તેણી ઘરે હોય,તેણીના પતિ સાથે શું બનાવ બનેલ તેની ખબર ન હોવાનું જણાવે છે. આમ, સદર બંને મહત્વના કહી શકાય તેવા ફરીયાદી તથા તેમના પત્ની રવિનાબેનના પુરાવાથી આ કામના આરોપીઓને સદર ગુનામાં સંડોવી શકાય તેવો પુરાવો આવેલ નથી.

(૧૩) જયારે,ફરીયાદપક્ષે **આંક:૨૮** થી સાહેદ : **અલ્પેશકુમાર પોપટભાઇ રાજ (પી.ડબલ્યુ.નં.૩)** તથા **આંક:૩૦** થી સાહેદ : **ગુડ્ડુભાઇ સત્તારભાઇ સૈયદ (પી.ડબલ્યુ.નં.૪)** ને સોગંદ પર તપાસેલા છે. સદર બંને સાહેદો કે જેઓ ફરીયાદી દીપકભાઇના મીત્ર થાય છે,તેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે,બનાવ સમયે તેઓ તેમની નોકરી ઉપરથી પરત ફરતા હતા. બનાવમાં શુ બનેલુ તેની તેઓને ખબર નથી, તેઓને વાતો વાતથી માત્ર બોલાચાલી થયા બાબતે જાણ થયેલ. બનાવમાં ફરીયાદીને કોઇ ઈજા થયેલ હોય તેનો તેઓને ખ્યાલ નથી. આ બનાવમાં કોઇ કોઇને જાતીવિષયક

અપશબ્દો કે ગાળો બોલેલ હોય તેવુ બનેલ નથી. બનાવ બાબતે પોલીસે તેમની પુછપરછ કરેલી. આરોપીઓ આજરોજ નામ. કોર્ટમાં હાજર છે, જેઓ તેમના મિત્ર હોવાથી ઓળખી બતાવે છે. આમ,સદર બંને સાહેદો તેમની સરતપાસમાં જ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન કરી ગયેલ ન હોય, તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલ જાહેર કરેલ છે.

ત્યારબાદ ફરીયાદપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ સદર સાહેદો ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ નથી. જયારે,આરોપીઓ તરફે સદરહું સાહેદોની ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૧૩.૧) આમ,સદરહું બંને સાહેદો – **અલ્પેશભાઇ તથા ગુડ્ડુભાઇ સત્તારભાઇ સૈયદ** કે જેઓ ફરીયાદીના મીત્ર થાય છે, તેઓ તેમની કોર્ટ રૂબરૂની સરતપાસમાં જ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન કરી ગયેલ નથી. જેથી તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલ છે. આમ,સદરહું બંને સાહેદોના પુરાવાથી પણ આરોપીઓને ગુનામાં સંડોવી શકાય તેવો પુરાવો રેકર્ડે આવેલ નથી.

(૧૪) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક:૩૭** થી પોલીસ સાહેદ : **ઉષા હિતેષભાઇ કાતરીયા**ને સોગંદ પર તપાસેલા છે. તેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે,તા.૧૫/૫/૨૦૨૫ ના રોજ વડતાલ પો.સ્ટે. ખાતે પી.એસ.આઇ. તરીકે તેમની ફરજ ઉપર હાજર હતી, દરમ્યાન આ કામના ફરીયાદી દિપકભાઈ ચંદુભાઈ રોહીત, રહે. કણજરી, તા. નડીઆદ, જી. ખેડાનાઓની તેમના રૂબરૂની ફરીયાદ તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલી. સદર ફરીયાદ વડતાલ ફ. ગુ.ર.ન. ૨૪૧/૨૫, બી.એન.એસ. ની કલમ – ૧૪૦(૪), ૧૧૭(૨), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા એટ્રોસીટી એક્ટ ૩(૧) (આર)(એસ), ૩(૨) (૫–અ) મુજબની ફરીયાદ સ્ટેશન ડાયરીના અનુ. નં. ૧૩ થી દાખલ કરેલ. સદર ગુનો

એટ્રોસીટી એક્ટ હેઠળનો હોય આગળની તપાસ ડી.વાય.એસ.પી. શ્રી.એસ.સી.એસ.ટી. સેલ ખેડા – નડીઆદ તરફ મોકલી આપેલાનું જણાવી આંક:૩૮ થી સ્ટેશન ડાયરીની ખરી નકલ રજુ કરી ગયા છે.

**(૧૪.૧)** જયારે, આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે,ફરીયાદી તેના કુંટુંબી સાથે આવેલા અને આ કામે તેઓએ ફરીયાદ લીધા સીવાય અન્ય કોઇ કાર્યવાહી કરેલ નથી.

**(૧૪.૨)** આમ,સદર પોલીસ સાહેદે તેમની ફરજના ભાગરૂપે માત્ર ફરીયાદીની ફરીયાદ લીધેલ છે અને તે સિવાય કોઇ કામગીરી કરેલ ન હોવાનું તેમજ ફરીયાદી ફરીયાદ આપવા માટે તેમની સાથે તેના કુંટુંબીને લાવેલાનું જણાય છે. આ હકીકતને ફરીયાદીના પુરાવાથી પણ સમર્થન મળે છે. ફરીયાદી ખુદ તેમની આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરી ગયા છે કે,તેઓ ફરીયાદ કરવા ગયા ત્યારે તેમની સાથે ફળીયાના માણસો આવેલા અને ફળીયાના માણસોએ ફરીયાદ લખાવેલ અને તેઓએ ફરીયાદમાં માત્ર સહી કરેલ. આમ, તપાસાયેલ પોલીસ સાહેદના પુરાવા આધારે આરોપીઓને ગુનામાં સંડોવી શકાય તેવો પુરાવો રેકર્ડે આવેલ નથી.

(૧૫) જયારે, સદર કામે **આંક:૩૯** થી ત.ક.અમલદાર **કુણાલ કરશનભાઇ રાઠોડ** ને સોગંદ પર તપાસેલા છે. સદર ત.ક.અમલદાર તેમની સરતપાસમાં પોતે કરેલ તપાસનો ચિતાર સરતપાસ સ્વરૂપે વર્ણવી ગયેલ છે. તેમજ સદર ત.ક.અમલદાર જણાવે છે કે, તા.૧૬/૬/૨૦૨૫ ના રોજ ડી.વાય.એસ.પી. એસ.સી.એસ.ટી. સેલ ખેડા નડીઆદ તરીકે હાજર હતા ત્યારે વડતાલ ફ.ગુ.ર.ન. ૨૪૧/૨૫, બી.એન.એસ. ની કલમ ૧૪૦(૪), ૧૧૭(૨), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા એટ્રોસીટી એક્ટ ૩(૧)

(આર) (એસ), ૩(૨) (૫–અ) મુજબના ગુનાની તપાસ કરવા પોલીસ અધિક્ષકશ્રીનાઓએ તેઓને હુકમ કરતા તેઓએ ગુનાની તપાસ સંભાળી લીધેલી. ગુનાની ફરીયાદ જોતા ફરીયાદી દિપકભાઇ ચંદુભાઈ રોહીતનાઓએ ફરીયાદ આપેલી. તેઓએ ગુનાની તપાસના કામે આંક:૩૧ વાળું બનાવવાળી જગ્યાનુ પંચનામુ સ્વતંત્ર પંચોની હાજરીમાં પંચોના લખાવ્યા મુજબ કરેલ. તેમજ **આંક:૨૪ વાળી અસલ ફરીયાદ** તેઓને તપાસના કામે મળેલ તેમજ **આંક:૨૫ વાળુ ફરીયાદીનું જાતી અંગેનુ પ્રમાણપત્ર** ફરીયાદ સાથે તેઓને મળેલ તેમજ આંક૩૩ વાળું ફરીયાદીનુ સારવાર સર્ટી તેઓએ તપાસના કામે મેળવેલ હતુ . વધુમાં સદર ત.ક.અમલદાર આંક:૪૦ થી જાતિના પ્રમાણપત્રની ખરાઇ કર્યા બાબતની યાદી રજુ કરી તેઓએ તપાસના કામે યાદી સામેલ રાખેલાનું જણાવે છે. તેમજ ગુનાની તપાસના કામે તેઓએ આ કામના ફરીયાદીનું ,ફરીયાદીના પત્ની રવિનાબેનનું,સાહેદ: અલ્પેશકુમાર પોપટભાઇનું,સાહેદ : ગુડ્ડુભાઇ સત્તારભાઇ સૈયદનું નિવેદન તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલાનું તથા તપાસ દરમ્યાન આરોપીઓને અટક કરવા પુરતો પુરાવો હોય આરોપીઓને અટક કરી ના.કોર્ટમાં રજુ કરેલ તેમજ ચાર્જશીટ કરેલાનું જણાવી આરોપીઓને ના.કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

**(૧૫.૧)** જયારે,આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં સદર ત.ક.અમલદાર એ વાત ખરી હોવાનું જણાવે છે કે,તેઓને જે ફરીયાદ મળેલી તે કોમ્પ્યુટર ટાઇપ કરેલી મળેલ.

**(૧૫.૨)** આમ, સદર ત.ક.અમલદાર તપાસના કામે તેઓએ પોતાની ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહીની વિગતો જુબાનીમાં જણાવેલ છે. સદર પોલીસ સાહેદો ફરીયાદપક્ષના હીત ધરાવતા સાહેદ હોય,તેઓના પુરાવાથી પણ આરોપીઓને ગુનામાં સંડોવી શકાય

તેવો પુરાવો રેકર્ડે આવેલ નથી.

(૧૬) આમ, સદર કામે તપાસાયેલ તમામ સાહેદોના પુરાવાથી બનાવ કણજરી,આઝાદ ચોકમાં બનેલ હોવા છતાં,તપાસ કરનાર અમલદાર ધ્વારા ચાર્જશીટમાં કોઈ સ્વતંત્ર સાહેદને દર્શાવેલ નથી તેમજ સદર કામે કોઇ સ્વતંત્ર સાહેદનો પુરાવો રેકર્ડે આવેલ નથી. આમ,સદર કામે આઇ.ઓ.ની તપાસ પરત્વે પણ શંકા પ્રવર્તે છે. સદર કામે સ્વતંત્ર સાહેદના પુરાવાના અભાવે તથા અન્ય નજરે જોનાર સ્વતંત્ર સાહેદના પુરાવાના અભાવે પણ ફરીયાદીની ફરીયાદ પુરવાર થયેલ માની શકાય નહી. વળી, સદર કામે **આંક:૩૧** થી રજુ **ગુનાવાળી જગ્યાનું પંચનામું** તથા **આંક:૩૨** થી રજુ આરોપીઓની **શરીર સ્થીતીનું તથા મુદામાલ કબજે કર્યાનું પંચનામું** તેમજ **આંક:૩૩** થી રજુ **ફરીયાદીનું સીવીલ હોસ્પીટલનું ઈંજરી સર્ટીફીકેટ** આરોપી તરફે આંકે પાડવા સામે વાંધો ન હોય આંકે પાડી પુરાવામાં વંચાણે લેવામાં આવેલ છે. આમ, સદર કામે રેકર્ડે રજુ ફરીયાદી તથા સાહેદો કે જેઓ મીત્રો થતા હોય રસ ધરાવતા તથા હિત ધરાવતા સાહેદો છે તેમજ સદર કામે રજુ તમામ પુરાવાથી પણ ફરીયાદની હકીકતો શંકારહીત પુરવાર થતી ન હોય ત્યારે સદર પોલીસ સાહેદો કે જેઓ ફરીયાદપક્ષે રસ ધરાવતા સાહેદો કહી શકાય, તેઓની જુબાની પર આધાર રાખી આરોપીઓને કસુરવાર ઠરાવવા ન્યાયોચિત જણાતું નથી.

(૧૭) આમ,સદર કામે મહત્વના કહી શકાય તેવા ફરીયાદી: દીપકભાઇ ચંદુભાઇ રોહીત તેમના આંક:૨૩ ના પુરાવામાં બનાવ સમયે ઘણા માણસો ભેગા થયેલ હોય ધકકામુકકીમાં પડી જવાથી બોથડ પદાર્થ વાગવાથી તેઓને હાથના અંગુંઠામાં ફ્રેકચ થયેલાનું તથા બનાવ સમયે ટોળામાં કોણ શું બોલેલ તેમજ કોણે શું ધમકી આપેલ તે ચોકકસ કહી શકે નહી તેમ જણાવી ગયા છે. જયારે,

ફરીયાદીના પત્ની રવિનાબેન પણ તેમના આંક:૨૭ ના પુરાવામાં બનાવ સમયે તેમના પતિ સાથે શું બનેલ તેમજ બનાવવમાં તેણીના પતિને શું વાગેલ તે ખબર ન હોવાનું તથા આરોપીઓને પણ ઓળખતા ન હોવાનું જણાવે છે. જયારે, ફરીયાદીના મીત્રો **અલ્પેશકુમાર તથા ગુડુભાઈ સત્તારભાઈ સૈયદ** તેમના **આંક:૨૮ તથા આંક:૩૦** ના પુરાવામાં પણ બનાવમાં શું બનેલ તેની તેમને ખબર ન હોવાનું અને વાતોવાતથી માત્ર બોલાચાલી થયેલ હોવાની હકીકત જાણેલ તેમજ બનાવમાં ફરીયાદીને કોઇ ઈજા થયેલ હોય તેનો ખ્યાલ ન હોવાનું જણાવે છે. આમ, સદર કામે તપાસાયેલ ફરીયા દી: દીપકભાઇ (આંક: ૨૩ ) તેમજ અન્ય સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલ હોય અને તેઓ ફરીયાદ હકીકતને સમર્થન આપતા ન હોય ત્યારે માત્ર ફરીયાદ લેનાર પોલીસ સાહેદ તથા તપાસ કરનાર અધીકારીની જુબાની આધારે આરોપીઓને આક્ષેપિત ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૧૮) આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ઘ્યાને લેતા,આ કામના આરોપીઓએ બનાવ સમયે અને સ્થળે, આરોપી નં.૧ નાએ ફરીયાદીને લાફો મારી, આરોપી નં.ર ને બોલાવી ફરીયાદીને પોતાની ગાડીમાં જબરદસ્તી બેસાડી અપહરણ કરી તથા આરોપી નં.૧ ના ઘરેથી લોખંડળનો સળીયો લઇ, તમામ આરોપીઓએ ફરીયાદીને બીભત્સ અનેગંદી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી તથા આરોપી નં.૧ નાએ ફરીયાદીને લોખંડના સળીયાથી જમણા પગે તેમજ જમણા હાથના ભાગે મારી ફ્રેકચર કરી, ઈજાઓ પહોંચાડી, બી.એન.એસ. ની કલમ– ૧૪૦(૪), ૧૧૭(૨), ૧૧૫(૨), ૩૫ર, ૩૫૧(૩), ૫૪ મુજબના ગુનાનું તહોમત મુકેલ છે. ઉપરોકત તપાસાયેલ

ફરીયાદી તથા સાહેદો તેમની કોર્ટ સમક્ષની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી તેમજ ફરીયાદીને બનાવ સમયે ધકકામુકકીમાં પડી જવાથી ઈજાઓ થયેલાનું તેમજ આ કામના આરોપીઓએ તેઓને કોઇ ઈજા પહોંચાડેલ ન હોવાનું તેમજ તેઓને કોઇ વ્યકિતઓ સાથે મારામારીનો બનાવ બનેલ ન  હોવાની વિગત જણાવેલ છે. વળી, સદર કામે **આંક:૭૦** થી **ફરીયાદીનું ઈંજરી સર્ટીફીકેટ** રજુ થયેલ છે પરંતુ, સદર કામે ઈંજરી સર્ટીફીકેટ પુરવાર કરવા તબીબ સાહેદને તપાસેલા નથી તેમજ ફરીયાદી ખુદ તેમની સરતપાસમાં જ તેઓને ધકકામુકકીમાં પડી જવાથી ઈજા થયેલાની હકીકત જણાવે છે.

(૧૮.૧) સદર કામે ફરીયાદી તેમની સરતપાસમાં મુ.માલ લોખંડનો સળીયો ઓળખી બતાવે છે પરંતુ, **આંક:૩૨** થી રજુ આરોપીઓની **શરીર સ્થીતીનું તથા મુદામાલ કબજે કર્યાનું પંચનામું** પંચસાહેદોના પુરાવાના અભાાવે પુરવાર થયેલ માની શકાય નહી. તેમજ સદર કામે સ્વતંત્ર તથા નજરે જોનાર સાહેદોના પુરાવાના અભાવે **આંક:૨૪** થી રજુ ફરીયાદની હકીકતને સમર્થન પ્રાપ્ત થયેલ નથી. વળી, સદર કામે ફરીયાદીએ બનાવના બીજા દીવસે તરત જ પોલીસ સ્ટેશને ફરીયાદ આપેલાનું રેકર્ડ જોતા જણાય છે. આમ,ફરીયાદી,સાહેદોને આ કામના આરોપીઓ તરફથી કોઇ ડર કે બીક હોવાનું પણ જણાતું નથી. તેઓ ડર કે બીક વગર પોતાનું રોજીંદું કાર્ય કરે છે. આમ, ફરીયાદી તથા સાહેદોએ તેમની ફરીયાદમાં કે પુરાવામાં આરોપીઓએ તેઓને શું ગાળો બોલેલ તેમજ શું ધમકી આપેલ, તેના ચોક્કસ શબ્દો જણાવેલ નથી અને બનાવ સમયે ઘણાબધા માણસો ભેગા થયેલ હોય ટોળામાંથી કોણ વ્યકિત શું બોલેલ અને કોણે ફરીયાદીને ઈજા પહોંચાડેલ તે હકીકત ખબર ન હોવાનું જણાવે છે. તેમજ ફરીયાદ ફરીયાદી સાથે આવેલ ફળીયાના માણસોએ લખાવેલ અને ફરીયાદીએ તેમાં માત્ર સહી કરેલાનું જણાવે છે. આમ, રેકર્ડે તપાસાયેલ તમામ

સાક્ષીઓના પુરાવાથી પણ આરોપીઓ દ્વારા આ કામના ફરીયાદીને ગાળો બોલી, આરોપી નં.૧ નાએ ફરીયાદીને લાફો મારી, આરોપી નં.૨ ને બોલાવી ફરીયાદીને પોતાની ગાડીમાં જબરદસ્તી બેસાડી અપહરણ કરી તથા આરોપી નં.૧ ના ઘરેથી લોખંડળનો સળીયો લઈ, તમામ આરોપીઓએ ફરીયાદીને બીભત્સ અને ગંદી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી તથા આરોપી નં.૧ નાએ ફરીયાદીને લોખંડના સળીયાથી જમણા પગે તેમજ જમણા હાથના ભાગે મારી ફ્રેકચર કરી, ઈજાઓ પહોંચાડી તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોવાની હકીકતને લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થયેલ નથી. આમ, ફરીયાદપક્ષ આરોપીઓ સામે બી.એન.એસ. ની કલમ- ૧૪૦(૪), ૧૧૭(૨), ૧૧૫(૨),૩૫૨, ૩૫૧(૩),૫૪ મુજબનો ગુનો નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય, આરોપીઓને બી.એન.એસ. ની કલમ- ૧૪૦(૪), ૧૧૭(૨), ૧૧૫(૨),૩૫૨,૩૫૧(૩),૫૪ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા ન્યાયોચિત જણાતું હોય **મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં** આપવો ન્યાયોચિત માનું છું.

**<u>મુદ્દા નં.૨ ની ચર્ચા :-</u>**

(૧૯) ઉપરોકત આક્ષેપાયેલ ગુના અન્વયે આ કામે રજુ થયેલ તમામ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો,**ફરીયાદી: દીપકભાઈ ચંદુભાઈ રોહીત (PW-1)** તેમના **આંક:૨૩** થી રજુ પુરાવાની સરતપાસમાં જ સ્પષ્ટ જણાવી ગયા છે કે, **બનાવ સમયે ટોળામાં કોણ જાતિવિષયક શબ્દો બોલેલું તે ખબર નથી, તેઓને કોઇએ ધમકી આપેલ હોય કે પગે પડાવીને માફી મંગાવી હોય તેવું બનેલ નહી**. તેમજ સદર કામે ફરીયાદપક્ષે તપાસાયેલ **ફરીયાદીના પત્ની રવિનાબેન**

**દીપકભાઇ (આંક:૨૭)** ના તથા ફરીયાદીના **મીત્રો અલ્પેશકુમાર તથા ગુડુભાઇ સત્તારભાઇ સૈયદ** તેમના **આંક:૨૮ તથા આંક:૩૦ થી રજુ કોર્ટ રૂબરૂની સરતપાસમાં જ બનાવમાં કોઇએ કોઇને જાતિ વિષયક અપશબ્દો કે ગાળો બોલેલ હોય તેવું બનેલ ન હોવાનું જણાવેલ છે.**આમ, સદર તમામ સાહેદોના પુરાવાથી આંક:૨૪ થી રજુ ફરીયાદની હકીકતને લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થયેલ નથી.

(૨૦) ફરીયાદીએ ફરીયાદ આપતા સમયે પોલીસને **આંક:૨૫** વાળું **જાતિનું પ્રમાણપત્ર** આપેલ છે, આ સંદર્ભે ફરીયાદપક્ષે **આંક:૩૪** થી નાયબ નીયામક તરીકે નાયબ નીયામક , અનુસુચીત જાતિ કલ્યાણની કચેરીમાં ફરજ બજાવતા સાહેદ : **ધવલકુમાર પરબતભાઇ કારેથા**ને સોગંદ પર તપાસેલા છે. સદર સાહેદ તેમની સરતપાસમાં **આંક:૨૫** થી **ફરીયાદીની જાતિનું પ્રમાણપત્ર** તેમની કચેરી તરફથી પ્રમાણપત્ર ક્રમાંક: ૧૨૩,તા.૨૧/૬/૧૨ ના રોજ ઇસ્યુ કરેલાનું તથા સદર પ્રમાણપત્રમાં તેમની કચેરીના સમાજ કલ્યાણ અધીકારીની સહી તથા કચેરીનો સિકકો હોવાનું ઓળખી બતાવે છે તેમજ **આંક:૩૫** થી **જાતિના રજીસ્ટરના નોંધણી થયેલ પેજની ખરી નકલ** રજુ કરી ગયા છે. જયારે, આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં સદર સાહેદ તેઓએ રેકર્ડ આધારે જુબાની આપેલાનું, ઇસ્યુ થયેલ પ્રમાણપત્રમાં તેઓની સહી નથી પરંતુ, તેમના પુર્વગામી અધીકારીની સહી હોવાનું તથા આ જાતિ પ્રમાણપત્ર તેઓએ ઇસ્યુ કરેલ ન હોવાની હકીકત કબુલ કરેલ છે. વળી, ફરીયાદ આપનાર ફરીયાદી તથા તપાસાયેલ અન્ય સાહેદો તેમની સરતપાસમાં જ સ્પષ્ટ જણાવે છે કે,બનાવ સમયે ટોળામાંથી કોણે ફરીયાદીને જાતિવિષયક અપમાનજનક શબ્દો બોલેલ તેની ખબર નથી.

**(૨૦.૧)** આમ, આરોપીઓ સામેના આક્ષેપિત કલમ અન્વયેનો આક્ષેપ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે એવું પુરવાર કરવું પડે કે, ફરીયાદી અનુસુચીત જાતિના હોવાનું આરોપીઓ પ્રથમથી જ જાણતા હોવા છતાં, બનાવ તારીખે, સમયે અને સ્થળે આરોપીઓએ ફરીયાદી તથા સાહેદને જાહેરમાં એટલે કે, જાહેર સ્થળે તેઓની જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી અપમાનીત કરી, આક્ષેપિત કલમ અન્વયેનો ગુનો કરેલો અને તે સંદર્ભે સદરહું આક્ષેપિત કલમની જોગવાઇ ધ્યાને લેતા, એટ્રોસીટી એકટની કલમના મુળ ઘટકોને એ રીતે વર્ગીકૃત કરી શકાય જેમા (૧)અનુસુચીત જાતિ અથવા અનુસુચીત જનજાતિના સભ્યોને હડધુત કરવાના હેતુથી ઈરાદાપુર્વક અપમાન કરવું, ધમકી આપવી, અપશબ્દો કહેવા સબબના કોઈ કૃત્ય કરવામાં આવેલ હોય, (૨) તેવું કૃત્ય કોઈપણ સ્થળે જાહેર દશ્યમાં કરવામાં આવેલું હોય, આ અધિનીયમની કલમ–૩(૨)(૫–એ) હેઠળનો ગુનો અનુસુચીત જાતિ અથવા અનુસુચીત જનજાતિના સભ્યને હડધુત કરવાના ઈરાદા સાથે ઈરાદાપુર્વક કરવુ, ધમકી આપવી તેવા ઘટકને સુચવે છે. આ જોગવાઈ બીજો મુખ્ય ઘટક આવા પ્રકારનું કૃત્ય જાહેર દ્રષ્ટિકોણમાં હોવાનું સુચવે છે. આમ, ફરીયાદપક્ષે સદરહું કલમની જોગવાઈઓમાં સમાવિષ્ટ આવશ્યક તત્વો ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવા પડે. જેથી ફરીયાદપક્ષે રજુ ઉપરોકત સમગ્ર હકીકતો લક્ષમાં લેતા, આ કામના આરોપીઓએ એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ),૩(૨)(૫–અ) મુજબનો ગુનો નિ:શંકપણે પુરવાર કરેવામાં સદંતર નિષ્ફળ રહેલ હોય **મુદા નં.ર નો જવાબ નકારમાં** આપવો ન્યાયોચિત જણાય છે.

(૨૧) આમ, ઉપરોકત સમગ્ર હકીકત તેમજ આરોપીઓ સામે આક્ષેપિત કલમો અન્વયેની જોગવાઇ જોતા, આરોપીઓ સામેનો હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રના સિંધ્ધાંતો અનુસાર આરોપીઓ સામેનો કેસ ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તેમજ ક્રિમીનલ જસ્ટીસ ડીલીવરી સીસ્ટમ મુજબ ફરીયાદપક્ષે આરોપીઓ સામે મુકવામાં આવેલ આક્ષેપિત ગુનો, શંકારહીત યોગ્ય પુરાવા રજુ કરીને પુરવાર કરવાનો હોય છે. ટુંકમાં આરોપીઓ દોષિત છે, તેવું પુરતા અને વિશ્વસનીય પુરાવા આધારે પુરવાર કરવાનું હોય છે. કાયદાના પ્રસ્થાપિત સિંધ્ધાંત મુજબ આરોપીને દોષિત ઠરાવવામાં ન આવે ત્યાં સુધી તે નિર્દોષ છે, તેવી ધારણા કરીને અદાલતે ચાલવાનું હોય છે. ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ એકાદી કડી પણ પુરવાર કરવાનું ફરીયાદપક્ષ ચુકે તો તેવી સ્થિતીનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય છે અને તે સંજોગોમાં આરોપીઓ દોષમુકત અગર તો બેનીફીટ ઓફ ડાઉટ મેળવવા હકકદાર થાય છે. તે સંજોગો જોતા, હાલના કામે ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી.

(૨૨) આમ, ઉપરોકત તમામ હકીકતો તથા સંજોગો લક્ષમાં લેતા, હાલના કામે ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો ગુનો પોતાની જ ફરીયાદ પ્રમાણે લેશમાત્ર પુરવાર કરી શકેલ નથી. જેથી ઉપરોકત સમગ્ર હકીકતો લક્ષમાં લેતા, આ કામના આરોપીઓએ બી.એન.એસ.ની કલમ–૧૪૦(૪), ૧૧૭(૨), ૧૧૫(૨),૩૫૨, ૩૫૧(૩),૫૪ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–અ) મુજબનો ગુનો કરેલ હોવાનું પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ નીવડેલ હોય, જેથી ઉપરોકત ચર્ચા કર્યા મુજબ **મુદા નં.૧** તથા

**૨** નો જવાબ **''નકારમાં''** આપી **મુદ્દા નં.૩** પરત્વે નીચે મુજબનો **આખરી હુકમ** કરવો ન્યાયોચિત માનું છું.

## :: આખરી હુકમ ::

(૧) આ કામના આરોપી **નં.(૧)અજયભાઇ ઉર્ફે જૈડ મહેશભાઇ રાજ, ઉ.વ.૩૦,**રહે.કણજરી,રાજ ફળીયું, તા.નડિયાદ જિ.ખેડા,**નં.(૨) ચીરાગકુમાર ઉર્ફે બાડી દીલીપભાઇ પટેલ, ઉ.વ.૩૫,**રહે.કણજરી,બી/૨૧,લક્ષ્મી સોસાયટી,સ્ટેશન રોડ, તા.નડિયાદ જિ.ખેડા તથા નં.**(૩) પવનકુમાર ઉર્ફે પન્નો મનોહરલાલ શર્મા, ઉ.વ.૩૫,** રહે.કણજરી,ચોપાટ ચોક,બીજો ભાગ,તા.નડિયાદ જિ.ખેડા મુળ રહે. ગામ:નગલા ગોપાલ,તોછીગઢ,અલીગઢ(ઉત્તરપ્રદેશ) – નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) મુજબ તેઓની સામેના બી.એન.એસ.ની કલમ –૧૪૦(૪), ૧૧૭(૨), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩),૫૪ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ),૩(૨)(૫–અ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭(એ) મુજબ આ કામના **દરેક** આરોપીએ સરકાર પક્ષ આ હુકમ સામે અપીલ કરે તો અપીલના કામે હાજર રહેવા માટેના **રૂા.૧૫,૦૦૦/–** (અંકે રૂપીયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો આપવો.

(૩) કબજે લેવાયેલ મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ લોખંડના સળીયાનો અપીલ સમય વિત્યે નિયમ અનુસારની કાર્યવાહી કરી નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૪) સદર ચુકાદાની નકલ જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રી ખેડાને મોકલવાનો અત્રેની ઓફીસને ફોજદારી કાર્યરીતી અધીનીયમની કલમ–૩૬૫ મુજબ તેમજ ક્રિમીનલ મેન્યુઅલના પેરા–૧૩૨ મુજબ

આદેશ કરવામાં આવે છે, તે મુજબ ઓફીસે કાર્યવાહી કરવી.

(૫) આ કેસનું રેકર્ડ નિયમોનુસાર વર્ગીકરણ કરી રેકર્ડ રૂમમાં મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે, તે મુજબ ઓફીસે કાર્યવાહી કરવી.

હુકમ આજરોજ તારીખ: બાવીસમી, માહે: એપ્રિલ, સને:૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| નડીયાદ<br>તા.૨૨/૦૪/૨૦૨૬<br>એસ.જે.રાણા | **(મુકેશકુમાર જયંતીલાલ બ્રહમભટ્ટ )<br>સ્પે. જજ (એટ્રોસીટી) અને<br>ચોથા એડીશ્નલ સેશન્સ જજ,<br>ખેડા–એટ,નડીઆદ.<br>(જયુડી કોડ નં.જી.જે.૦૦૭૫૪)** |